**<u>આંક–૧ હેઠળ હુકમ</u>**

હાલના કેસમાં આરોપી અને તેના જામીનદારને ઘણા વર્ષોથી કામગીરી બજતી ન તેમજ ઘણી કામગીરીઓ પરત થતી ન હતી. કેસ ઘણો જુનો હોય જેથી ફરીયાદીને સમન્સ કાઢતા તેમના પતિ હાજર થયેલ અને જણાવેલ કે ફરીયાદી તેમના માતા છે જેઓ પથારી વશ છે, ચાલી શકતા નથી અને કોર્ટમાં આવી શકે તેમ નથી. બાદ તેઓએ કેસ બંધ કરવાની વિનંતી કરી વધુમાં જણાવેલ છે કે અમારે કેસ ચલાવવો નથી, અમારે કેસ પરત ખેંચવો છે તેવુ જણાવી કેસ પરત ખેંચવાની પરવાનગી અને સમાધાન પુરસીસ રજુ કરેલ છે, જેમાં તેમની માતા / મુળ ફરીયાદીની સહી હોવાનુ જણાવેલ છે. હાલના કામે ઈ.પી.કોડની ક.૪૦૬, અને ૪૨૦ના ગુનાઓના આક્ષેપો છે. પુરસીસ દાબ દબાણ વિના સ્વેચ્છા આપેલાનુ જણાવતા પુરસીસ કામમાં દાખલ કરેલ છે. ક્રીમી. પ્રોસી. કોડની કલમ–૩૨૦(૨) મુજબ ઈ.પી.કોડની કલમ–૪૦૬, ૪૨૦ કોર્ટની પરવાનગીથી સમાધાન લાયક ગુનાઓ છે, જે પરવાનગી આપવામાં આવેલ છે. હાલના કામે ફકત ભોગ બનનાર હાજર છે. આરોપી હાજર નથી. તેવા સંજોગોમાં ના. ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ જે.બી.પારડીવાલા સાહેબે NAVNITBHAI RATIBHAI ADHYARU & 1.... Vs STATE OF GUJARAT, SPECIAL CRIMINAL APPLICATION (QUASHING) NO. 407 of 2018 Date:18/01/2018 મા ઠરાવેલ છે કે 31. I shall now attempt to narrate my conclusions. They are:

(1) Composition under Section 320, Cr. P. C. is a unilateral act.

(2) The victim (person shown in column 3 of Section 320(1) and 320(2)) can himself make an application for composition.

(3) It is not necessary for the Court to insist on a joint application for composition. The victim can of course make a joint application along with the accused.

(4) It is not necessary for the Court to insist on the personal appearance of the accused before Court to consider an application for composition under Section 320, Cr. P.C.

(5) The mere fact that the Court has already issued a nonbailable warrant against the accused and that is pending is no reason

for the Court not to proceed further with the case. All steps for which personal presence of the accused is not necessary can be continued even if the nonbailable warrant remains unexecuted and the accused has not personally appeared.

[See:Y. P. Baiju vs State Of Kerala And Ors.; 2008 CriLJ 928]

આમ સદર ચુકાદામાં ઠરાવેલ સીધ્ધાંત ધ્યાને રાખતા ક્રીમી. પ્રોસી. કોડ ક.૩૨૦(૧)(૨) મુજબની કાર્યવાહી એક તર્ફી છે, જે ફરીયાદી/ભોગબનનાર એકલા પણ કરી શકે છે. તેમા આરોપીની હાજરીની જરૂર નથી. હાલના કામે ફરીયાદી પોતે ગુનો માંડવાળ કરવા માંગે છે અને કોર્ટની પરવાનગી માંગતા કેસની પરીસ્થીતી અને સંજોગો જોતા તેમને પરવાનગી આપવામાં આવેલ છે. તેઓ પુરસીસ આપી જાહેર કરેલ છે કે તેઓ ગુનો માંડવાળ કરે છે અને હાલનો કેસ આગળ ચલાવવો નથી. પુરસીસ તેઓને વાંચી, સંભળાવતા પુરસીસ સ્વૈચ્છીક રીતે, કોઇ પણ ધાકધમકી, દાબ દબાણ વિના આપેલ હોવાનુ તથા સમજી, વિચારી આપેલ હોવાનુ જણાવે છે તેમજ પુરસીસ કબુલ અને મંજુર હોવાનુ જણાવે છે. જે હકીકત, પુરસીસ, ચુકાદો તથા ફરીયાદીની રજુઆત ધ્યાને રાખતા હાલનો કેસ માંડવાળથી ફેસલ કરવુ વ્યાજબી જણાય છે. જેથી આરોપીને ઇ.પી.કોડની કલમ-૪૨૦ અને ૪૦૬ મુજબના ગુનાઓના તહોમતમાંથી ક્રીમી. પ્રોસી. કોડની કલમ ૩૨૦(૨)(૮) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે પોલીસે જો કોઇ મુદ્દામાલ કબજે કરેલ હોય અને તે બાબતે કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે. જો કોઇ હુકમ થયેલ ન હોય તો પરત કરી શકાય તેવા મુદ્દામાલની માલીકીની ખરાઇ કરી તેના માલીકને તાત્કાલીક સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને પરત ન કરી શકાય તેવા મુદ્દામાલ બાબતે નીયમો મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે. હથીયાર/બિનકીતમી મુદ્દામાલનો નીયમનો મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૨/૧૧/૨૦૨૨ના રોજ લોક અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ-૧૨/૧૧/૨૦૨૨ લોક અદાલત અધીકારી
સ્થળ -રાજકોટ રાજકોટ